વ્યાજદરમાં કાપ મૂકવા બેંકોને ચિદમ્બરમની સલાહ

નવી દિલ્હી,તા.૩

નાણાંપ્રધાન પી ચિદમ્બરમે આજે વ્યાજદરમાં કાપ મૂકવા બેંકોને અપીલ કરી હતી. અર્થતંત્રમાં હાલ મંદી પ્રવર્તી રહી છે તેવા સમયમાં વ્યાજદરમાં ઘટાડો કરવાનું સૂચન ચિદમ્બરમ દ્વારા કરવામાં આવ્યુ છે. તેમના આ સૂચનને ખૂબજ મહત્વપૂર્ણ ગણવામાં આવે છે. માંગણીમાં હાલમાં ઉલ્લેખનીય ઘટાડો થઈ રહ્યો છે. તેમનું કહેવું છે કે અર્થતંત્રમાં મંદીના મુખ્ય ડ્રાઈવર ગણાતા લોકોની માંગ તરફ તેઓ ધ્યાન આપી રહ્યા છે. વ્યાજદર ઉંચા હોવાના કારણે તથા ઉંચા ફુગાવાના કારણે માંગણી ઘટી રહી છે. રિઝર્વ બેંકે સમય સમયે જરૂરી પગલા લીધા છે. બેંકોના વડાઓ સાથેની બેઠક બાદ પત્રકારો સાથેની વાતચીતમાં ચિદમ્બરમે કહ્યુ હતુ કે બેઝ રેટ પર ધ્યાન આપવા અમે બેંકોને સલાહ આપી છે. નાણાં મંત્રીએ આજે દિલ્હીમાં વિજ્ઞાન ભવન ખાતે જાહેર ક્ષેત્રની બેંકો અને ફાઈનાન્સિયલ સંસ્થાઓના સીએમડી અને સીઈઓ સાથે બેઠક યોજી હતી જેમાં બજારમાં પ્રવર્તી રહેલી સ્થિતિ પર ચર્ચા વિચારણા કરવામાં આવી હતી. તેમણે કહ્યુ હતુ કે બેઝ રેટમાં ઘટાડો શક્તિશાળી બુસ્ટર તરીકે રહેશે.આનાથી વિકાસની માંગમાં વધારો થશે. ભારતીય અર્થતંત્ર માર્ચમાં

પૂરા થયેલા નાણાંકીય વર્ષમાં પાંચ ટકાના નીચા દરે વિકાસ પામ્યુ છે. ચિદમ્બરમે કહ્યુ હતુકે દરેક બેંક પોતાની રીતે નિર્ણય લેવા માટે સ્વતંત્ર છે. સરકારી બેંકો નાણાંમંત્રાલય તરફથી કેટલાક પ્રમાણમાં સ્વાયતતા સાથે કામ કરે છે. સરકારી બેંકો બેંક લોન પૈકી ૭૫ ટકા હિસ્સેદારી ધરાવે છે. તેમણે એમ પણ કહ્યુ હતુ કે બેંકો એ બાબતથી ચિંતિત છે કે ધિરાણના દરમાં તીવ્ર ઘટાડો તેમના પ્રોફિટ માર્જીન પર અસર કરી શકે છે. સ્થાનિક માંગ મજબુત નહીં હોવાથી પ્રોફિટ માર્જીન પર નકારાત્મક અસર થઈ શકે છે. ભારતીય બેંકોના સરેરાશ બેઝ લેન્ડીંગ રેટ ૧૦ ટકાની આસપાસ છે. આજની બેઠક દરમિયાન ચિદમ્બરમે બેંકોના વડાઓને ખાતરી આપી હતી કે મહિનાના અંત સુધી તેઓ બેઝ ધિરાણદરની સમીક્ષા કરશે. બેંકો વર્તમાન નાણાંકીય વર્ષમાં મહત્વકાંક્ષી યોજનાઓ ધરાવે છે.

શેરબજારમાં ભારે અફડાતફડી જારી

મુંબઈ,તા.૩

શેરબજારમાં આજે સતત બીજા દિવસે મંદીનું મોજુ રહ્યુ હતુ. વૈશ્વિક બજારમાં મંદી વચ્ચે સેન્સેકસ ૨૮૬ પોઈન્ટ ઘટીને ૧૯૧૭૮ની નીચી સપાટીએ રહ્યો હતો જ્યારે નિફટી આજે કારોબારના અંતે ૮૭ પોઈન્ટ ઘટીને ૫૭૭૧ની સપાટીએ રહ્યો હતો. શેરબજારમાં મંદી રહેતા કારોબારીઓમાં ચિંતાનું મોજુ ફરી વળ્યુ હતુ. ગઈકાલે પણ શેરબજારમાં મંદી રહી હતી. એશિયન બજારમાં પણ મંદી આજે યથાવત આગળ વધી હતી. નિક્કીમાં ૦.૩ ટકાનો ઘટાડો રહ્યો હતો. જ્યારે હેંગસેંગમાં ૨.૫ ટકા અને સ્ટ્રેટ ટાઈમ્સમાં ૧.૩ ટકાનો ઘટાડો રહ્યો હતો. યુરોપિયનબજારમાં પણ મંદી સાથે કારોબારની શરૂઆત થઈ હતી. યુરોપમાં રાજકીય અનિશ્ચિતતા વચ્ચે ક્રૂડ ઓઈલની કિંમત ફરી એકવાર બેરલદીઠ ૧૦૦ ડોલરથી ઉપર પહોંચી હતી. સેકટરલ ઈન્ડેક્સમાં આજે રિયાલીટી ઈન્ડેક્સમાં આજે સૌથી વધુ ૪.૬ ટકાનો ઘટાડો રહ્યો હતો. ત્યારબાદ મેટલ, કન્ઝ્યુમર ડ્યુરેબલ, પાવર, બેકેક્સ, કેપિટલ ગુડ્સ, ઓઈલ એન્ડ ગેસમાં ૨-૨ ટકાનો ઘટાડો રહ્યો હતો. બેંકીંગ શેરોની વાત કરવામાં આવે તો આઈસીઆઈસીઆઈ બેંક, એસબીઆઈ, એચડીએફસી બેંકમાં ૧-૪.૬ ટકા સુધીનો ઘટાડો રહ્યો હતો. જ્યારે મોર્ટગેજ ગણાતા એચડીએફસીમાં ૨.૭ ટકાનો ઘટાડો રહ્યો હતો. ઓઈલ એન્ડ ગેસ સેગમેન્ટમાં રિલાયન્સમાં ૨.૪ ટકા અને ઓએનજીસીમાં ૩.૫ ટકાનો ઘટાડો રહ્યો હતો. એનએન્ડટીમાં ૨.૬ ટકાનો ઘટાડો રહ્યો હતો. સેન્સેકસના જે શેરમાં ઘટાડો રહ્યો હતો તેમાં ટીસીએસ, ભારતી એરટેલ અને ડોક્ટર રેડ્ડી લેબનો સમાવેશ થાય છે. આઈટીસી, સનફાર્મા અને જિંદાલ સ્ટીલ સહિતના શેરમાં તેજી નોંધાઈ હતી. અન્ય કેટલાક શેરમાં પણ તેજી રહી હતી. દરમિયાન આજે બ્રોડર માર્કેટમાં બીએસઈ મિડકેપ ઈન્ડેક્સમાં ૧.૭ ટકા અને સ્મોલકેપ ઈન્ડેક્સમાં ૧.૪ ટકાનો ઘટાડો રહ્યો હતો.

લોકસભાની ચૂંટણી જીતવા ભાજપ હિંસા ભડકાવી શકે

બેંગ્લોર,તા. ૩

કોંગ્રેસના મહાસચિવ દિગ્વિજયસિંહે ભાજપ ઉપર ગંભીર પ્રકારના આક્ષેપ કરતા નવો વિવાદ છેડાઈ ગયો છે. દિગ્વિજયસિંહે એવી દહેશત વ્યક્ત કરતા કહ્યું છે કે આગામી વર્ષે લોકસભાની ચૂંટણીમાં જીત મેળવવા માટે ભાજપ કોંગ્રેસ શાસિત રાજ્યોમાં કોમી હિંસા ફેલાવી શકે છે. કર્ણાટક પ્રદેશ કોંગ્રેસ સમીતિની સામાન્ય બેઠકમાં દિગ્વિજયસિંહે આ મુજબના આક્ષેપ કરતા આગામી દિવસોમાં જોરદાર હોબાળો મચી જવાની શક્યતા દેખાઈ રહી છે. તેમણે કહ્યું હતું કે ભાજપ એમ માને છે કે હિંસા ફેલાયા વગર તે ચૂંટણીમાં જીત મેળવી શકે તેવી સ્થિતિમાં નથી. તાજેતરમાં જ કોંગ્રેસના કર્ણાટકના પ્રભારી તરીકે ચૂંટાયેલા દિગ્વિજયસિંહે રાજ્ય સરકારને સાંપ્રદાયિક તંગદિલી ફેલાવવાના કાવતરાથી સાવધાન રહેવા સરકારને અપીલ કરી હતી. બેઠકમાં મુખ્યમંત્રી સિદ્ધરામૈયાએ ખાતરી આપી હતી કે તેમની સરકાર કોઈપણ સાંપ્રદાયિક અવ્યવસ્થાને રોકવા માટે સંપૂર્ણપણે તૈયાર છે. કર્ણાટક પ્રદેશ કોંગ્રેસ સમીતિના પ્રભારી બની ગયા બાદ દિગ્વિજયસિંહની આ પ્રથમ કર્ણાટક યાત્રા છે. દિગ્વિજયસિંહે કહ્યું હતું કે રાજ્યમાં સરકાર અને પાર્ટી વચ્ચે સંકલન સ્થાપિત કરવા માટે એક સમીતિ રચવામાં આવશે. રાજ્યમાં પાર્ટીના એક વર્ગમાં આવી સમીતિની રચનાની માંગ થઈ રહી છે. કારણ કે એમ માનવામાં આવે છે કે સિદ્ધારમૈયા પોતાની પ્રતિષ્ઠાને સુધારવા માટે એક તરફી નિર્ણય લઈ રહ્યા છે જેના પરિણામ સ્વરૂપે પક્ષને નુકસાન થઈ શકે છે. દિગ્વિજયસિંહે મુખ્યમંત્રી અને પક્ષને ભ્રષ્ટાચાર મુક્ત શાસન ઉપલબ્ધ કરાવવા અને વિધાનસભા ચૂંટણીમાં કરવામાં આવેલા વચનો પૂર્ણ કરવા માટે કહ્યું હતું. તેમણે એમ પણ કહ્યું હતું કે લોકસભાની ચૂંટણીમાં વધુ સારો દેખાવ કરવા માટે ઘણી બધી બાબતો જરૂરી બની ગઈ છે. તેમણે એમ પણ કહ્યું હતું કે કર્ણાટકમાં લોકસભાની ૨૮ બેઠકો છે. ૨૦૦૯ની ચૂંટણીમાં ભાજપને ૧૯, કોંગ્રેસને ૬ અને જનતાદળ એસને ૩ બેઠકો મળી હતી. કર્ણાટકમાં લોકસભાની ચૂંટણીને લઈને બંને પક્ષો પોતપોતાની તૈયારીમાં લાગેલા છે. હાલમાં કર્ણાટકમાં વિધાનસભાની ચૂંટણીમાં બાજપને મોટો ફટકો પડ્યો હતો પરંતુ લોકસભાની ચૂંટણી માટે નવી વ્યૂહરચના તૈયાર કરવામાં આવી રહી છે.

ઉત્તરાખંડમાં ફરી વાર ભારે વરસાદ

દહેરાદૂન,તા. ૩

પૂરગ્રસ્ત ઉત્તરાખંડમાં કેટલાક પ્રદેશોમાં અતિ ભારે વરસાદ થયો છે. જેના કારણે બચાવ અને રાહત કામગીરી આડે પણ અચડણ થઈ છે. હમાલિયન રાજ્યમાં જુદી જુદી કેન્દ્રીય અને રાજ્યની સંસ્થાઓ દ્વારા બચાવ અને રાહત કામગીરી ચાલી રહી છે. આવી સ્થિતિમાં ફરી એકવાર ભારે વરસાદથી જટિલ સમસ્યા ઊભી થઈ ગઈ છે. ગંગા નદીમાં પાણીની સપાટી ભયજનક રીતે વધી ગઈ છે. અહેવાલમાં જણાવવામાં આવ્યું છે કે ગડવાલ અને કુમાવ પ્રદેશમાં આજે સવારે અતિ ભારે વરસાદ થયો હતો જેના પરિણામ સ્વરૂપે આ વિસ્તારોમાં બચાવ કામગીરીને અટકાવી દેવાની ફરજ પડી હતી. અલબત્ત રાજ્યના સત્તાવારાઓ પરિસ્થિતિ ઉપર ચાંપતી નજર રાખી રહ્યા છે. અહેવાલમાં જણાવામાં આવી રહ્યું છે કે હવામાન વિભાગે હજુ પણ અતિ ભારે વરસાદની આગાહી કરેલી છે જેથી સ્થિતિ વણસી શકે છે. ઉત્તરાખંડમાં લોકોને સુરક્ષિત રીતે ખસેડવાની પ્રક્રિયા પૂરી કરી લેવામાં આવી છે પરંતુ રાહત કામગીરી હજુ પણ ચાલી રહી છે. બદ્રીનાથ, મનેરી, હર્ષિલ પ્રદેશોમાં બચાવ કામગીરી સમેટી લેવામાં આવી છે. જો કે રાહત કામ યુદ્ધના ધોરણે ચાલી રહ્યું છે. રાજ્ય વહીવટી તંત્રએ કોઈપણ પરિસ્થિતિને પહોંચી વળવા સાવધાન રહેવાની સૂચના આપેલી છે. નદીના કિનારાથી દૂર થઈ જવા લોકોને કહેવામાં આવ્યું છે. કારણ કે ઉત્તર કાશી અને જોષી

મઠમાં ગંગા નદીમાં પણીની સપાટી વધી રહી છે. રાજ્ય સરકારના અધિકારીઓ જે બચાવ અને રાહત કામગીરી લાગેલા છે તેમનું કહેવું છે કે ભારે વરસાદ થઈ શકે છે જેના લીધે ભેખડો ધસી પડવાની શક્યતા રહેલી છે. પિથોરાગઢ, નેનીતાલ, ચંપાવત જેવા જિલ્લાઓમાં માઠી અસર થઈ શકે છે. બોર્ડર રોડ ઓર્ગેનાઈઝેશન અને પબ્લિક વર્ક્સ ડિપાર્ટમેન્ટ (પીડબલ્યુડી)ને નુકસાનની સમીક્ષા કરવા સૂચના આપવામાં આવી છે. ભારતીય સૈના, ઈન્ડિયન એરફોર્સ, એનડીઆરએફના જવાનો અસરગ્રસ્ત વિસ્તારોમાં કામે લાગેલા છે. સત્તાવાર રીતે ૩૦૦૦ લોકો લાપત્તા દર્શાવવામાં આવ્યા છે. મોતનો આંકડો ૧૦ હજાર હોવાની દહેશત વ્યક્ત કરવામાં આવી ચૂકી છે. રાજ્ય સરકારના આંકડા કહે છે કે પૂરગ્રસ્ત વિસ્તારોમાંથી ૧.૧ લાખલોકોને ખસેડવામાં આવી ચૂક્યા છે. કેદારનાથ વિસ્તારમાં મૃતદેહોના નિકાલ માટે સામુહિક વિધી કરવામાં આવી રહી છે. કુદરતી હોનારતના કારણે અસરગ્રસ્ત ગામોની સંખ્યા સૌથી વધુ જણાવવામાં આવી છે. આ આંકડો ૨૦૦૦ ગામોનો આપવામાં આવ્યો છે. છેલ્લા કેટલાક દિવસથી ભારે વરસાદથી ફરી એકવાર મુશ્કેલી સર્જાઈ ગઈ છે. ૩૭૨૭ ગામો પૈકી ૨૨૮૩ ગામોમાં વીજળી પુરવઠો પુનઃ સ્થાપિત કરી દેવામાં આવ્યો છે. આરોગ્ય મંત્રાલય દ્વારા રાહતના પ્રયાસ રૂપે ૧૬૦૦ બોડી બેગ મોકલવામાં આવ્યા છે. ઉત્તરાખંડમાં ૮થી ૧૦ હેલિકોપ્ટરો હજુ પણ મદદમાં છે. ઓપરેશન રાહતના પ્રથમ તબક્કામાં ૧૮મી જૂનથી ૨૨૪૦ હેલિકોપ્ટરની ઊંડાણ થઈ છે અને મોટી સંખ્યામાં લોકોને ખસેડવામાં આવ્યા છે. ૩૫૩૫૮૦ કિલોગ્રામ રાહત સામગ્રી મોકલવામાં આવી છે.

ઉ.પ્ર.ના ઘણા ભાગમાં મધ્યમથી ભારે વરસાદ

લખનૌ,તા.૩

ઉત્તરપ્રદેશના ઘણા ભાગોમાં આજે મધ્યમથી ભારે વરસાદ થતા ફરી એકવાર જટિલ સ્થિતિ ઉભી થઈ ગઈ હતી. ગંગા અને અન્ય સહાયક નદીઓમાં પાણીની સપાટી ભયજનક સ્તરથી ઉપર પહોંચી ગઈ હતી.

મળેલી માહિતી મુજબ ગંગા નદીમાં હજુ પણ ફતેગઢ અને બલિયા ખાતે ભયજનક સ્તરથી ઉપર છે. ઘણી જગ્યાઓએ સારો વરસાદ થયો છે. ઝાંસી, મિરજાપુર, બાહેરી, દાલમાઉ, ફતેહગઢમાં વરસાદના કારણે જનજીવનને અસર થઈ હતી. શારદા નદીમાં પાણીની સપાટી પાલિયા કાલન ખાતે ભયજનક સપાટીથી ઉપર પહોંચી છે. જ્યારે અન્ય એક નદીમાં પણ પાણીની સપાટી અયોધ્યા ખાતે ચિંતાજનક સ્તર ઉપર પહોચી છે. બુરહી રાબતી નદીમાં સિદ્ધાર્થનગર ખાતે પાણીની સપાટી ભયજનક સ્તરે પહોંચી છે. છેલ્લા કેટલાક દિવસથી પડેલા વરસાદના કારણે આ પ્રકારની સ્થિતિ સર્જાઈ છે.

તેલંગાણા પેકેજ : રેડ્ડીને મળવા સોનિયા ગાંધીનો સ્પષ્ટ ઈન્કાર

હૈદરાબાદ,તા.૩

કોંગ્રેસ પ્રમુખ સોનિયા ગાંધીએ તેલંગાણા માટે ૮૦૦૦૦ કરોડના ફાઈનાન્સિયલ પેકેજ પર ચર્ચા કરવા મુખ્યમંત્રી કિરણકુમાર રેડ્ડીને મળવાનો ઈન્કાર કરી દીધો છે. છેલ્લા સપ્તાહમાં ત્રણ દિવસ સુધી મળવાનો ઈન્કાર કરી દેવામાં આવ્યો છે. એક દૂત મારફતે સોનિયા ગાંધીએ કહેવડાવ્યુ છે કે પેકેજ અંગે વાત કરવાની બાબત હાલ આધાર વગરની છે. સીએમઓમાં ટોચના સૂત્રોએ કહ્યુ છે કે કોંગ્રેસ કોર કમિટિ દ્વારા આ સંબંધમાં અંતિમ નિર્ણય લેવામાં આવશે. હૈદરાબાદમાં સૂત્રો આજે કહ્યુ હતુકે પક્ષ પ્રમુખ સોનિયા ગાંધીએ નાણાંકીય પેકેજની મંજુરી પર ચર્ચા કરવા બેઠક યોજવા માટેની વિનંતીને ફગાવી નથી પરંતુ હાલમાં જ રચવામાં આવેલી એઆઈસીસીના જનરલ સેક્રેટરી આંધ્રપ્રદેશની બાબતોના ઈન્ચાર્જ દિગ્વિજયસિંહ તેમના નિર્ણય અંગે જાણ કરશે. ૮૦૦૦૦ કરોડની રકમ સાથે એક પેકેજ તૈયાર કરવામાં આવ્યું છે જેમાં તેલંગાણા પ્રદેશમાં ૧૬.૫ લાખ એકરમાં સિંચાઈ કરવાના મહાકાય પ્રોજેક્ટનો સમાવેશ થાય છે. આ ઉપરાંત પછાત પ્રદેશોમાં સ્થિતિને સુધારવાની બાબતનો સમાવેશ થાય છે. કિરણકુમાર રેડ્ડીને સંયુક્ત આંધ્રપ્રદેશ માટે એક મજબુત આવાસ તરીકે ગણવામાં આવ્યો છે. પેકેજની તૈયારીમાં ખૂબ ઓછા ઓફિસરોને સામેલ કરવામાં આવ્યા હતા.

આ સમગ્ર મામલો ગુપ્ત રાખવામાં આવ્યો છે. સરકારી સૂત્રોનું કહેવું છે કે મુખ્યમંત્રીને પેકેજની અસરકારકતા અંગે સોનિયા ગાંધીને મનાવી લેવાની આશા છે. જો કે હજુ સુધી સોનિયા ગાંધી મુખ્યમંત્રીને મળી રહ્યા નથી. સોનિયા ગાંધી આંધ્રપ્રદેશના મુખ્યમંત્રીને તેમના નિર્ણયની જાણ કરવા માટે આંધ્રપ્રદેશની બાબતોના ઈન્ચાર્જ દિગ્વિજયસિંહને મોકલ્યા છે. આજે રાત્રે મુખ્યમંત્રી સાથે દિગ્વિજયસિંહે બેઠક પણ યોજી હતી. મુખ્યમંત્રી ૧૦ જનપથ પાસેથી શું આદેશ આવે છે તેની રાહ જોઈ રહ્યા છે.

બીજી બાજુ બેંગ્લોરમાં દિગ્વિજયસિંહે કહ્યુ હતુ કે આંધ્રપ્રદેશનું વિભાજન દક્ષિણ ભારતમાં ભારતના વિકાસને વધારશે. સરકાર સામે કેટલાક વિકલ્પો રહેલા છે. રૂપરેખા તૈયાર કરી લેવામાં આવ્યા બાદ અંતિમ નિર્ણય માટે આને હાઈકમાન્ડ સમક્ષ મોકલવામાં આવશે. આંધ્રપ્રદેશની લીડરશીપ હાઈકમાન્ડના નિર્ણયને પાળશે.

અમરનાથ જતી બસ પલટી :૫૬ યાત્રીઓનો ચમત્કારિક બચાવ

વલસાડ, તા. ૩

વલસાડથી અમરનાથ યાત્રાએ જવા રવાના થયેલી વલસાડના અક્ષર ટ્રાવેલ્સ્ની લક્ઝરી બસ અમૃતસર નજીક સામેથી આવી રહેલી મારૂતિ વાન સાથે ટકરાતા બસ પલટી મારી ગઈ હતી. આ ઘટનામાં વાનના ચાલકનું મોત નિપજ્યું હતું. જ્યારે બે ડ્રાઈવર અને ૫૬ યાત્રીઓનો ચમત્કારિક બચાવ થયો હતો.

અમૃતસરથી ૫૦ કિમી દૂર લક્ઝરી બસ પસાર થઈ રહી હતી ત્યારે સામેથી પૂરપાટ ઝડપે એક મારૂતિ વાનના ચાલકે કાબૂ ગુમાવ્યો હતો જેને પગલે અકસ્માત સર્જાતા લક્ઝરી બસ રોડ પરથી નીચે ઉતરી પડી હતી બાદમાં ક્ષણભરમાં જ બસે પલટી મારતા યાત્રીઓના જીવ તાળવે પહોંચી ગયા હતા. આ ઘટનાને પગલે બસમાં સવાર યાત્રીઓએ બૂમાબૂમ કરી મુકતા લોકોમાં દોડધામ મચી ગઈ હતી. આજુબાજુના ગામના લોકોએ દોડી આવી બસમાંથી યાત્રીઓને ભારે જહેમતે બહાર કાઢ્યા હતા.

વલસાડ અને પારડી તાલુકાના ૫૬ જેટલા શિવ ભક્તો તા. ૨૮ જૂન ૨૦૧૩ના રોજ રાત્રિના ૯:૦૦ કલાકે હાજી માર્કેટ ખાતે આવેલા અક્ષર ટ્રાવેલ્સ્ની લક્ઝરી બસ નં. જીજે-૨૭-પી-૮૮૮માં હર હર મહાદેવના નાદ સાથે પવિત્ર અમરનાથ ધામની યાત્રાએ રવાના થયા હતા. લક્ઝરી બસ મંગળવારે બપોરે ૧૨:૦૦ કલાકે અમૃતસર પહોંચી હતી. ત્યાં શિવ ભક્તોએ બપોરનું ભોજન લઈ યાત્રા ધામ તરફ પ્રયાણ કર્યું હતું.

અકસ્માતમાં વાન ચાલકનું મોત નિપજ્યું હતું. જ્યારે લક્ઝરી બસના ચાલકને સામાન્ય ઈજા પહોંચી હતી.

આ અકસ્માતને પગલે ૫૬ યાત્રીઓની યાત્રામાં વિઘ્ન પડ્યો હતો. પરંતુ યાત્રીઓએ હાર ન માની કોઈ પણ કાળે અમરનાથ યાત્રા પાર પાડી શિવલિંગના દર્શન કરવા જ છે એવી અતૂટ શ્રદ્ધા દર્શાવતા વલસાડ અક્ષર ટ્રાવેલ્સ્ના સંચાલક ભરત પટેલે અન્ય લક્ઝરી બસ અમરનાથ યાત્રા માટે તાત્કાલિક રવાના કરી હતી. જો કે આ ઘટનાની જાણ વલસાડના સ્વજનોને થતા તેઓમાં ચિંતાનું મોજું ફરી વળ્યું હતું.

લક્ઝરી બસ અમૃતસરથી ૫૦ કિમી દૂર એક ગામડાના સિંગલ રોડ પરથી પસાર થઈ રહી હતી ત્યારે સામેથી પૂરપાટ ઝડપે એક મારૂતિવાન ધસી આવતા અકસ્માત સર્જાયો હતો. જેમાં ડ્રાઈવર તેમજ કેટલાક મુસાફરોને સામાન્ય ઈજા પહોંચી હતી. જો કે આ બસમાં બે ડ્રાઈવરો હતા જેઓના નામ પોતાને માલૂમ ન હોવાનું ભરતભાઈએ જણાવ્યું હતું.

ઈન્ડોનેશીયામાં ભયાનક ભૂકંપ, ૨૨ લોકોનાં મોત

અસેહ, તા. ૩

પશ્ચિમી ઈન્ડોનેશિયામાં ભૂંકપથી અસરગ્રસ્ત વિસ્તારોમાં સૈનિક, પોલિસ અને સ્વયંસેવક આજે રાહત અને બચાવ કાર્યમાં જોડાઈ ગયા. બચાવ કર્મચારીઓએ ધરો અને જમીનદોસ્ત થયેલ ઈમારતોના કાટમાળમાંથી જીવીત બચેલા લોકોની શોધખોળ શરૂ કરી દીધી છે. ઈન્ડોનેશિયાના અસેહ વિસ્તારમાં કાલે બપોરે આવેલ ૬.૧ની તીવ્રતાવાળા ભૂંકપમાં ઓછામાં ઓછા ૨૨ લોકોના મોત થઈ ગયા છે. ભૂંકપનું કેન્દ્ર અસેહ જિલ્લાના સુમાત્રા ટાપુના સુદર પશ્ચિમી વિસ્તારમાં ૧૦ કિમી. ની ઊંડાઈ પર હતું.

નેશનલ ડિઝાસ્ટર મિટીગેશન એજન્સીના સુતોપો પૂર્વો નુગરોહો એ જણાવ્યું કે બેનેર મરિયા જિલ્લામાં જમીનદોસ્ત અથવા ઈમારત પડવાથી ૧૨ લોકો મરી ગયા અને અન્ય ૭૦ ઘાયલ થયા હતા. તેઓએ આજે (બતાવ્યું) જણાવ્યું કે જિલ્લામાં અસરગ્રસ્ત મકાન અને ઈમારતોની ગણતરી હજી પણ ચાલુ જ છે. તેઓએ જણાવ્યું કે ૧૪૦ બીજા ઘાયલ થયા છે. તેની સાથે જે અંદાજે ૧૫૦૦ ઘર અને ઈમારતો અસરગ્રસ્ત થઈ છે.

ભૂંકપથી જમીનદોસ્ત પણ થયા જેના કારણે સેંકડો લોકોને ૧૦ અસ્થાયી આશ્રયસ્થાનોમાં સ્થળાંતર કરવું પડ્યું. નુગરોહોએ જણાવ્યું કે બચાવદળ બેનર મરિયામાં પહોંચી ગયા છે જ્યારે વાયુસેનાના ક્ષેત્રનાં એક હેલિકોપ્ટર અને સીએન-૧૩૫ વિમાન મોકલવાવાયું છે. બેનર મરીયામાં ઉપજીલ્લા પ્રમુખ રૂસલી એમ સાલેહે જણાવ્યું કે, હવે અમે કાટમાળમાં દટાયેલા લોકોની શોધખોળ પર ધ્યાન કેન્દ્રિત કરીશું. તેઓએ જણાવ્યું કે જીલ્લાના ઓછામાં ઓછા ૨૫ ઘાયલોને હોસ્પિટલમાં સારવાર હેઠળ રાખવામાં આવ્યા છે.

શ્રીલંકાની ભારત પર ૧૬૧ રને વિજય : થારંગા છવાયો

કિંગ્સટ,તા. ૩

ઉપુલ થારંગાના શાનદાર ૧૭૪ રન અને જયવર્ધનેના ૧૦૭ રનની શાનદાર બેટીંગની મદદથી શ્રીલંકાએ ત્રિકોણીય શ્રેણીની મહત્વપૂર્ણ મેચમાં ભારત ઉપર ૧૬૧ રને જીત મેળવી હતી. પહેલા બેટીંગ અને ત્યારબાદ બોલિંગમાં પોતાની ટીમના શાનદાર દેખાવની મદદથી શ્રીલંકાએ આ મેચ સરળતાથી જીતી લીધી હતી. શ્રીલંકાએ રમતના દરેક ક્ષેત્રમાં ભારતને પછડાટ આપીને આ મેચ જીતી લીધી હતી. ઉપુલ થારંગાને મેન ઓફ ધ મેચ તરીકે જાહેર કરવામાં આવ્યો હતો. જયવર્ધને અને થારંગાએ ભારતીય બોલરોને મેદાનની ચારે બાજુ ફટકારીને પ્રથમ વિકેટની ભાગીદારીમાં ૨૧૩ રન ઉમેર્યા હતા. જીતવા માટેના ૩૪૮ રનના વિશાળ ટાર્ગેટનો પીછો કરતા ભારતીય ટીમ ૪૪.૫ ઓવરમાં માત્ર ૧૮૭ રન બનાવીને ઓલઆઉટ થઈ ગઈ હતી. ભારત તરફથી જાડેજાએ અણનમ ૪૯ રન બનાવ્યા હતા જ્યારે રૈનાએ ૩૩ અને મુરલી વિજયે ૩૦ રન કર્યા હતા. શ્રીલંકા માટે હેરાથે સૌથી વધુ ત્રણ વિકેટ ઝડપી હતી. જ્યારે મલિંગા અને સેના નાયકેએ બે-બે વિકેટ ઝડપી હતી. ત્રિકોણીય શ્રેણીમાં ભારતની આ સતત બીજી હાર હતી. પ્રથમ મેચમાં ભારતની વેસ્ટ ઈન્ડિઝ સામે એક વિકેટે હાર થઈ હતી. બીજી બાજુ શ્રીલંકાએ પોતાની પ્રથમ મેચમાં વિન્ડીઝ સામે હાર ખાધા બાદ ધરખમ દેખાવ કર્યો હતો અને ભારત ઉપર જીત મેળવી હતી. હવે પોઈન્ટ ટેબલમાં વેસ્ટ ઈન્ડિઝ બે મેચોમાં બે જીત સાથે નવ પોઈન્ટ ધરાવે છે જ્યારે શ્રીલંકા બે મેચોમાં એક જીત અને એક હાર સાથે પાંચ પોઈન્ટ ધરાવે છે. ભારતના કોઈપણ પોઈન્ટ નથી અને તે છેલ્લા ક્રમે છે. જંગી લક્ષ્યાંકનો પીછો કરવા મેદાનમાં ઉતરેલી ભારતીય ટીમની શરૂઆત ખૂબ જ નબળી રહી હતી. ૧૨ રનના જુમલે ભારતે રોહિત શર્માની વિકેટ ગુમાવી હતી. શર્મા પાંચ રન બનાવીને કુલાશેકરાની બોલિંગમાં આઉટ થયો હતો. ત્યારબાદ ધવન અને મુરલી વિજયે બીજી વિકેટ માટે ૪૦ રન ઉમેરીની સ્થિતિ સુધારવાના પ્રયાસ કર્યા હતા પરંતુ ૫૨ રનને સ્કોરે ભારતે શેખર ધવનના રૂપમાં બીજી વિકેટ ગુમાવી હતી. ધવન ૨૪ રન બનાવી આઉટ થયો હતો. વિરાટ કોહલી માત્ર બે રન બનાવીને આઉટ થયો હતો. કેપ્ટન કોહલીના આઉટ થયા બાદ મુરલી વિજય ૩૦ રન બનાવીને આઉટ થયો હતો. ૧૧૮ રને ભારતે દિનેશ કાર્તિકના રૂપમાં પાંચમી વિકેટ ગુમાવી દીધી હતી. આની સાથે જીતની આશા ઉપર પાણી ફળી વળ્યુંહતું. થારંગાએ શ્રેષ્ઠ બેટીંગ કરી હતી.

મનમોહન અને શરિફ સપ્ટે.માં મુલાકાત કરશે

ઈસ્લામાબાદ, તા.૩

પાકિસ્તાનનાં પ્રધાનમંત્રી નવાઝ શરિફ અને ભારતનાં વડાપ્રધાન મનમોહનસિંહ પહેલી મુલાકાત ન્યુયોર્ક ખાતે સંયુક્ત રાષ્ટ્ર મહાસભા દરમિયાન થવાની શક્યતા છે. પાકિસ્તાની સમાચાર માધ્યમોથી આ બાબતે સંભાવના વ્યક્ત કરવામાં આવી છે. જો કે ભારતીય અધિકારીઓએ જણાવ્યું હતું તેમને આ પ્રકારની મુલાકાત બાબતે કોઈ સુચના મળી નથી. વિદેશી બાબતો સંભાળી રહેલા નવાઝ શરિફનાં વિશેષ સલાહકાર સરતાર અજીજે કહ્યું હતું કે પાકિસ્તાની અખબાર ડોનનાં જણાવ્યા મુજબ નવાઝ શરિફ અને મનમોહનસિંહની મુલાકાત ન્યુયોર્કમાં સપ્ટેમ્બર માસમાં થઈ શકે તેમ છે. પૂર્વ વિદેશમંત્રી અજીજે બ્રુનેઈમાં ભારતનાં વિદેશમંત્રી સલમાન ખુર્શીદ સાથે મુલાકાત કર્યા બાદ એક નિવેદન જાહેર કર્યું હતું. બંને નેતા એશિયન ક્ષેત્રીય મંચ ઉપર મંત્રી સ્તરીય એક બેઠકમાં ભાગ લઈ રહ્યા છે એટલે કે તેઓ સંયુક્ત રાષ્ટ્ર મહાસભામાં ન્યુયોર્ક ખાતે ભાગ લઈ રહ્યા છે ત્યારે તેમની મુલાકાત શક્ય બની ગઈ છે.

સીમકાર્ડ મેળવવા માટે ફિંગરપ્રિન્ટને ફરજિયાત કરાશે

નવી દિલ્હી,તા. ૩

સીમકાર્ડના દુરુપયોગને રોકવામાં ફરજિયાત ફિઝિકલ વેરિફિકેશન સિસ્ટમ એકદમ અસરકારક સાબિત થઈ શકી નથી તે બાબતની નોંધ લીધા બાદ હવે ગૃહમંત્રાલય દ્વારા કેટલીક નવી તૈયારી હાથ ધરવામાં આવી છે જેના ભાગરૂપે ટૂક સમયમાં સીમકાર્ડ મેળવવા માટે ફિંગરપ્રિન્ટને ફરજિયાત બનાવી દેવામાં આવશે. ગૃહમંત્રાલયે આ સંબંધમાં ફિંગરપ્રિન્ટ લેવા સેલફોન સર્વિસ પ્રોવાઈડર્સ માટે ફરજિયાત બનાવવાના વિકલ્પ ઉપર વિચારણા કરવા દુરસંચાર વિભાગને સૂચના આપી દીધી છે. ગૃહમંત્રાલય દ્વારા સીમકાર્ડ મેળવવા માટે ફિંગરપ્રિન્ટને જરૂરી બનાવવાની ઝુંબેશ હવે ટૂંક સમયમાં જ શરૂ થઈ શકે છે. ગ્રાહકના અન્ય બાયોમેટ્રીક પુરાવા લેવાની પ્રક્રિયા પણ હાથ ધરવામાં આવી છે. મોબાઈલ નંબર એક્ટીવેટીંગ કરતા પહેલા અન્ય બાબતો ગ્રાહકની લેવામાં આવશે જેમાં આધારનો પણ સમાવેશ થાય છે. મંત્રાલયે ડોટને તેની નોંધમાં એવું સૂચન કર્યું છે કે વિભાગે તમામ ગ્રાહકોના બાયોમેટ્રીક પુરાવા સાથે સંબંધિત સેન્ટ્રલ ડેટા બેઝ જાળવવાની જરૂર છે. આ ઉપરાંત રાષ્ટ્રીય સુરક્ષાની દૃષ્ટિએ એક સ્થળ ઉપર આ તમામ ડેટા જાળવી રાખવા માટે નેશનલ ઈન્ટલિજન્સ ગ્રીડની સાથે આને જોડવાની પણ વાત કરી છે. એક અધિકારીએ પણ કહ્યું છે કે વિભાગ ટેલિકોમ સર્વિસ પ્રોવાઈડર સહિત તમ